# દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી પી.એસ.સુચક સમક્ષ, દાહોદ

**વ.કો.પરચુરણ અરજી નં.૬૨/૨૦૨૩**
**(ઈન વ.કો.નો.ફે.અરજી નં.૨/૨૧)**
**આંક–**

**અરજદાર:–** (૧) ગોપાળભાઈ રામસીંગભાઈ ભેદી
મુ.કાળીયાગોટા, તળાવ ફળીયુ, તા.સીંગવડ, જી.દાહોદ

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** (૧) ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ મધ્યસ્થ કચેરી બાંધકામ વિભાગ
મુ.પ્રથમ માળે, રાણીપ બસ ટર્મીનલ પાસે, રાણીપ,
અમદાવાદ ૩૮૨૪૮૦

(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
એસ.ટી.વિભાગ ભોલાવ, વાહન વ્યવહાર એસ.ટી.નિગમ ઓફીસ,
ભોલાવ, ભરૂચ.

(૩) પટેલ કિર્તનભાઈ બાપુભાઈ
ગામ.સાલીયા, પટેલ ફળીયુ,પો. પીપલોદ,
તા.દેવગઢ બારીયા, જી.દાહોદ

(૪) ચિત્રા કન્ટ્રકશન કંપની
C/O ઘનશ્યામભાઈ કે. પટેલ
મુ. દિવાનપરા, સ્ટ્રીટ નં.૩, રાજકોટ–૩૬૦૦૦૧

**હાજર રહયા :–** અરજદાર તરફે વિ.પ્રતિનિધિ શ્રી એસ.આર.બારીઆ
સામાવાળા નં.૧,૨ તરફે વિ.વ.શ્રી એ.કે.પરીખ
સામાવાળા નં.૩ તરફે ગેરહાજર
સામાવાળા નં.૪ તરફે વિ.વ.શ્રી એમ.ટી.ભુરીયા

## –:: આંક–૧ લગત હુકમ ::–

(૧) સદર અરજી આ કામનાં અરજદારોએ કામદાર વળતર ધારો–૧૯૨૩ જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે(જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે) ની કલમ–૩૧ હેઠળ દાખલ કરી વ.કો.નોન ફેટલ અરજી નં.૨/૨૦૨૧ માં તા.૨૯/૧૧/૨૦૨૨ ના રોજ થયેલ હુકમ મુજબની લેણી નીકળતી વળતરની રકમ રૂા.૧૦,૬૨,૫૭૬/–, દવાખાનાનો ખર્ચ રૂા.૭૭,૮૫૪/–, ખર્ચની રકમ રૂા.૩૦૦૧/– પેનલ્ટીની રકમ રૂા.૫,૩૧,૨૮૮/– તથા અકસ્માત તા.૬/૩/૧૯ થી તા.૬/૮/૨૩ સુધીના સમયગાળાની ૧૨% લેખે સાદા વ્યાજની રકમ રૂા.૫,૬૩,૧૭૦/– મળી કુલ રૂા.૨૨,૩૭,૮૮૯/– સામાવાળાઓ પાસેથી વસુલ અપાવવા રેવન્યુ રીકવરી સર્ટીફિકેટ કાઢી જિલ્લા કલેકટરશ્રીને મોકલી આપવા રજુઆત કરેલ છે.

(૨) આ કામે રેકર્ડ જોતાં, વ.કો.નોન ફેટલ અરજી નં.૨/૨૦૨૧ ના કામે તા.૨૯/૧૧/૨૨ ના રોજ કરેલ હુકમ મુજબની વસુલાતની અરજી કરેલ છે તથા મુળ કેસનું રકેર્ડ ઘ્યાને લેતાં મુળ અરજદારને મુળ કામના સામાવાળા નં.૧ થી ૪ નાઓએ સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ ચુકવવા હુકમ કરેલો જે રકમ મુળ કામના સામાવાળા નં.૧ નાએ સામાવાળા નં.૪ પાસેથી તા.૬/૪/૨૪ ના જમા લઈ સામાવાળા નં.૧ નાએ અત્રેની અદાલતમાં તા.૧૯/૩/૨૪ ના રોજ જમા કરાવેલાનું જણાય આવે છે , જે રકમ વાંધા સાથે જમા કરાવેલ છે. આ કામે મુળ કેસનો હુકમ જોતાં સામાવાળા નં.૧ એસ.ટી.નિગમ નાઓએ ચિત્રા કન્સ્ટ્રકશન કંપની પાસેથી રકમ વસુલ કરી લીધેલ હોય અને મુળ હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં MISC.CIVIL APPLICATION FOR RESTORATION NO. 1735-2025 IN F/FA/965/2025 ના કેસની મુદત આગામી તા.૧૩/૧/૨૬ ના હોય જે કામમાં કોઈ સ્ટેનો હુકમ ન હોય તેમજ સામાવાળા નં.૧ એસ.ટી.નિગમ ઘ્વારા કોન્ટ્રાકટર સામાવાળા નં.૪ પાસેથી રકમ વસુલ કર્યા બાદ રકમ જમા કરાવેલ હોય જે ઘ્યાને લેતાં તથા અકસ્માતનો બનાવ તા.૧૬/૩/૧૯ નો હોય જે બનાવને પાંચ વર્ષ અને નવ માસ જેટલો સમય થઈ ગયેલ હોય છતાં વળતરની રકમ અરજદારને ચુકવાયેલ ન હોય જે ઘ્યાને લેતાં આ કામે રકમ ચુકવવાપાત્ર હોય તેવું અત્રેની અદાલતનું માનવુ છે. પરંતુ, નામદાર ગુજરાત રાજયની વડી અદાલતમાં તા.૧૩/૧/૨૬ ના રોજ

ની મુદત હોય અને જો સામાવાળા નં.૧ નાઓએ દાખલ કરેલ અપીલના કામે સ્ટેનો હુકમ સામાવાળા નં.૧ ધ્વારા મેળવવા નિષ્ફળ ગયેથી આગામી મુદતે જમા રકમ અગાઉ ચર્ચા કર્યા મુજબ અકસ્માત વર્ષ–૨૦૧૯ માં થયેલ હોય અને કાયદાનો હેતુ ધ્યાને લેતાં અરજદારને રકમ ચુકવવાપાત્ર હોવાનું અત્રેની અદાલતનું માનવુ હોય સામાવાળા નં.૧ નાઓએ જમા કરાવેલ રકમ બાબતે આગામી મુદતે તા.૧૯/૧/૨૬ ના રોજ આગળનો હુકમ કરવામાં આવશે.

(૩) આ કામે મુળ કેસમાં સામાવાળા નં.૩ પટેલ કિર્તનભાઈ બાપુભાઈનાઓ સામે પેનલ્ટીની રકમ રૂા.૫,૩૧,૨૮૮/– (અંકે રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર બસો અઠીયાસી પુરા) તથા વ્યાજની રકમ રૂા.૫,૬૩,૧૭૦/– (અંકે રૂપિયા પાંચ લાખ ત્રેસઠ હજાર એકસો સીતેર પુરા) ચુકવવા હુકમ કરાયેલ હોય જે ધ્યાને લેતાં સામાવાળા નં.૩ નાઓએ કોઈ અપીલ કરેલ હોય અને સ્ટે મેળવેલ હોય તેવું કોઈ રેકર્ડ રજુ કરેલ ન હોય જે ધ્યાને લેતાં આ કામે સામાવાળા નં.૩ વિરૂધ્ધ ઉપરોકત બંને રકમ મળી કુલ. રૂા.૧૦,૯૪,૪૫૮/– (અંકે રૂપિયા દસ લાખ ચોરાણું હજાર ચારસો અઠાવન પુરા) ની રકમ દિન–૩૦ માં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે અને જો સામાવાળા નં.૩ નાઓ ઉપરોકત રકમ દિન–૩૦ માં જમા ન કરાવે તો ત્યારબાદ ઉપરોકત બાકી રહેતી રકમનું આ કામના સામાવાળા નં.૩ નાઓ વિરૂધ્ધ જપ્તી વોરંટ કાઢવા હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આ કામના સામાવાળા નં.૩ નાઓ કે જે મુળ કામમાં પણ સામાવાળા નં.૩ છે તેઓ વિરૂધ્ધ વ.કો.નોન ફેટલ અરજી નં.૨/૨૦૨૧ ના હુકમ મુજબની લેણી નીકળતી પેનલ્ટીની રકમ રૂા.૫,૩૧,૨૮૮/– તથા વ્યાજની રકમ રૂા.૫,૬૩,૧૭૦/– મળી કુલ. રૂા.૧૦,૯૪,૪૫૮/– (અંકે રૂપિયા દસ લાખ ચોરાણું હજાર ચારસો અઠાવન પુરા) દિન–૩૦ માં સામાવાળા નં.૩ નાઓ જમા ન કરાવે તો ત્યારબાદ સામાવાળા નં.૩ વિરૂધ્ધ જપ્તી વોરંટ કાઢવા હુકમ કરવામાં આવે છે. જે હુકમ મુજબ સામાવાળા નં.૩

પાસેથી વસુલાત કરી અત્રેની કચેરીમાં જમા કરાવવા સારૂ રેવન્યુ રાહે રીકવરી સર્ટીફિકેટ કાઢી તેની અમલ બજવણી સારૂ સંબંધીત સક્ષમ ઓથોરીટીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સામાવાળા નં.૧ નાએ જમા કરાવેલ રકમ બાબતે આગામી મુદતે હુકમ કરવામાં આવશે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૯/૧૨/૨૦૨૫
સ્થળ: દાહોદ

**(પ્રજ્ઞેશ સુધિરચંદ્ર સુચક)**
કમિશનર
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, દાહોદ
જીજે-૦૧૧૧૮

GJDH090001402023

Presented on : 22-08-2023
Registered on : 22-08-2023
Decided on : 13-07-2026
Duration : 2 years, 10 months, 22 days

**દાહોદ જીલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશ્નર શ્રી પી.એસ.સુચક સાહેબ સમક્ષ. મુ.દાહોદ.**

**વ.કો.પરચુ.અ.નં.૬૨/૨૦૨૩**
**ઈન વ.કો.નોન ફેટલ અ.નં.૦૨/૨૦૨૧**

**–: આંક–૧ લગત હુકમ : –**

આ કામે અરજી ધ્યાને લેતા મુળ વ.કો.નોન ફેટલ અ.નં.૦૨/૨૦૨૧ ના સામાવાળા નં.૩ વિરૂધ્ધ રેવન્યુ રાહે વસુલાતનું સર્ટીફીકેટ ઈસ્યું કરવાનો હુકમ કરેલ તેમજ સામાવાળા નં.૧ ધ્વારા જમાં કરાવેલ રકમ બાબતે સામાવાળા નં.૧ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં.૯૬૫/૨૦૨૫ દાખલ કરેલ હોય જેથી તેમના ધ્વારા જમાં કરાવેલ રકમ અન્વયે હુકમ પેન્ડીંગ રાખેલ હોય, પરંતુ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ સામાવાળા નં.૧ ધ્વારા કરવામાં આવેલ ફર્સ્ટ અપીલ નં.૯૬૫/૨૦૨૫ પરત ખેંચી લીધેલ હોય જે આ કામે હુકમ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા કોઈ અપીલ પેન્ડીંગ ના હોય, સામાવાળા નં.૧, ૨ નાઓએ જમાં કરાવેલ રકમ અંગે અગાઉ તા.૧૬/૦૫/૨૦૨૬ નો વચગાળાનો હુકમ કરેલ હોય ત્યારબાદ આજરોજ આખરી હુકમ કરવામાં આવેલ છે.

આ કામે વ.કો.નોન ફેટલ અ.નં.૦૨/૨૦૨૧ ના હુકમ મુજબ સામાવાળા નં.૧, ૨ નાઓએ સામાવાળા નં.૪ પાસેથી રૂ. ૧૧,૪૨,૪૩૧/–

(અંકે રૂપિયા અગીયાર લાખ બેતાલીસ હજાર ચારસો એકત્રીસ પુરા) ની રકમ જમાં લઈ અત્રેની અદાલતમાં તા.૨૦/૦૩/૨૦૨૪ ના રોજ જમાં કરાવેલ હોય જે રકમની ફીકસ ડીપોઝીટ મુકવામાં આવેલ હોય તેમજ દાખલ કરેલ અપીલ પેન્ડીંગ ન હોય તેમજ સામાવાળા નં.૧, ૨ તરફે કોઈ રજુઆત ન હોય જેથી જમાં રકમની વહેંચણી કરવા હાલની અરજી કરેલ હોય આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કોઈ અપીલ પેન્ડીંગ ના હોય જેથી નીચે મુજબ રકમની વહેંચણી કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** સામાવાળા એ જમાં કરાવેલ રૂ. ૧૧,૪૨,૪૩૧/- (અંકે રૂપિયા અગીયાર લાખ બેતાલીસ હજાર ચારસો એકત્રીસ પુરા) રકમની નીચેના કોષ્ટક મુજબ વહેંચણી કરવામાં આવે છે.

| અ. નં. | અરજદારનું નામ | ચેકથી ચુકવવા પાત્ર રકમ | એફ.ડી. માં મુકવા પાત્ર રકમ | એફ.ડી. ની મુદત | કુલ મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ગોપાળભાઈ રામસીંગ ભાઈ ભેદી | રૂ.1,72,431/- | રૂ.9,70,000/- | પાંચ વર્ષ | રૂ.11,42,431/- |

**(૩)** આ કામે અરજદારને ઉપર કોષ્ટક મુજબની રકમ ચેકથી ચુકવવી તથા કોષ્ટકમાં જણાવ્યા મુજબની રકમ કોષ્ટકમાં જણાવ્યા મુજબના સમય માટે અરજદાર તથા વર્કમેન કોમ્પન્સેશન કમિશ્નર લેબર કોર્ટ દાહોદના જોઈન્ટ નામે ફિકસ ડિપોઝીટ મુકવા હુકમ કરવામાં આવે છે.

**(૪)** આ કામે આજદીન સુધી જમાં થયેલ ફીકસ ડીપોઝીટનું વ્યાજ અરજદારના ખાતામાં જમાં આપવું.

**(૫)** ઉપર મુજબના હુકમનું પાલન અત્રેની ઓફીસના સુપરિટેન્ડન્ટ શ્રી તથા બેંકે કરવાનું રહેશે.

(૬) અસલ ફિકસ ડિપોઝીટ બેંકે અત્રેની અદાલતમાં તાત્કાલીક પરત આપવાની રહેશે તેમજ બેંકે ડિપોઝીટની રકમ પર કોઈ પણ લોન આપવાની નથી તેમજ ફિકસ ડિપોઝીટની પર કોઈ પણ પ્રકારે બોજો ઉભો કરવાનો નથી.

(૭) આ કામે જે ફિકસ ડિપોઝીટ મુકવામાં આવે તે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે અને જે અસલ ફિકસ ડિપોઝીટની રસીદની ઝેરોક્ષ અરજદાર ને આપવાની રહેશે તેમજ આ કામે મુકેલ ફિકસ ડિપોઝીટનું ત્રિમાસીક વ્યાજ જે તે અરજદારના ખાતામાં બેંકે જમા આપવાનું રહેશે.

(૮) તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ આંક-૧ લગત કરેલ હુકમને પણ આ અરજીના હુકમનો ભાગ ગણવાનો રહેશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૨૬
દાહોદ.

(પ્રગ્નેશ સુધિરચંદ્ર સુચક)
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, દાહોદ.
જિજે-૦૧૧૧૮.